# Press Note

March 03, 2020

**Attributable to Raveesh Kumar, Official Spokesperson, MEA**

# પ્રેસ નોંધ

માર્ચ 03, 2020

**વિદેશ મંત્રાલયનાં અધિકૃત પ્રવક્તા રવીશ કુમારને આભારી**

1. સંયુક્ત રાષ્ટ્રનાં માનવ અધિકારોનાં હાઈ કમિશનર દ્વારા ગઈકાલે સાંજે જીનેવામાં આપણા સ્થાયી મિશનને જાણ કરવામાં આવી હતી કે 2019 નાગરિકતા સુધારણા અધિનિયમ (સીએએ) નાં સંબંધમાં ભારતની માનનીય સર્વોચ્ચ અદાલતમાં તેણીની કચેરી દ્વારા દરમિયાનગીરીની અરજી દાખલ કરી હતી.

2. નાગરિકતા સુધારણા અધિનિયમ ભારતની આંતરિક બાબત છે અને ભારતીય સંસદનાં કાયદાઓ બનાવવાનાં સ્વાયત્ત અધિકાર સંબંધિત છે. અમે પ્રબળ માન્યતા રાખીએ છીએ કે ભારતની સ્વાયત્તતા બાબતનાં મુદ્દાઓ પર કોઈપણ વિદેશી પક્ષ લોકસ્ટ સ્ટેન્ડી ધરાવતો નથી.

3. અમે સ્પષ્ટ છીએ કે સીએએ સંવિધાનિક રીતે માન્ય છે અને આપણા સંવિધાનિક મૂલ્યોની તમામ આવશ્યકતાઓ સાથે અનુપાલનમાં છે. તે ભારતનાં વિભાજનની દુર્ઘટનાંમાંથી ઉદ્ભવેલા માનવ અધિકારોનાં મુદ્દાઓનાં સંબંધમાં લાંબા ગાળાથી ચાલી રહેલ આપણી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

4. ભારત કાયદાનાં નિયમથી સંચાલિત એક લોકતાંત્રિક દેશ છે, આપણને બધાને આપણા સ્વતંત્ર ન્યાયતંત્ર પર સંપૂર્ણ આદર અને વિશ્વાસ છે. આપણને વિશ્વાસ છે કે આપણી સ્વસ્થ અને કાનૂની રીતે સ્થાયી સ્થિતિને માનનિય સર્વોચ્ચ અદાલત દ્વારા સમર્થન આપવામાં આવશે.

**નવી દિલ્હી**
**માર્ચ 03, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.